શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૪
અંક : ૬

## જીવન જીવવાના ૧૦ વિકલ્પો

૧. જીદ અને જીંદગી બંને વચ્ચે શબ્દથી મોટો ફરક નથી. જીવનમાં જીંદગી જીવવા માટે જીદ કરો પણ, જીદ કરતાં જીંદગી માંથી કશું ખોવાઈ નહિ તેનું ધ્યાન રાખજો.

૨. હાસ્ય એ એક ઔષધ છે. માનસિક તાણ, હાર્ટએટેક અને બ્લડ પ્રેશરમાં તે દવાનું કામ કરે છે. હાસ્ય એ સ્થિર રહીને ચાલવાનો વ્યાયામ છે, હાસ્યથી સ્ફૂર્તિ આવે છે.

૩. માનવ માત્ર રોગી છે. ઈર્ષા, ક્રોધ, કામ, પરીગ્રહ, ચોરી, હિંસા, એ રોગનાં લક્ષણો છે. માનવીનો આ માનસિક સડો અને મંદવાડનો ઈલાજ સત્સંગ, સદવાચન અને ધ્યાન છે.

૪. પ્રારબ્ધ અને પુરુષાર્થ બંનેના મારગ ભિન્ન છે. છતાં જયારે તેઓ જયાં મળે છે ત્યાં અદભુત સફળતા પ્રગટે છે.

૫. ઘરમાં કકળાટ, કંકાસ, કજીયો, સતત થયા કરે તો સમજવું કે પડતી આપણાં બારણાં ખખડાવે છે.

૬. માણસ જયાં સુધી શાંત મગજથી વિચારતો નથી ત્યાં સુધી ગુંચવણોમાથી બહાર નીકળી શકતો નથી.

૭. જેને પોતાની અંદર જ શાંતિ પ્રાપ્ત થઈ હોય તેને આખું વિશ્વ શાંતિમય પ્રતીત થાય છે.

૮. આનંદ એક અમૃત છે પણ તેને મેળવવા માટે મંથન કરવું જોઈએ તેને દુખના વલણોમાંથી જ પામી શકાય છે.

૯. સત્ય અને અસત્યની ટકકર પથ્થર અને માટીના ઘડાની અથડામણ જેવી છે, પથ્થર પર માટીનો ઘડો પડે તો તે ફુટી જાય છે અને પથ્થર ઘડા પર પડે તો પણ ઘડો જ ફુટે છે.

૧૦. એક અસત્ય છુપાવવા માટે એક હજાર અસત્ય વાત કરવી પડે છે અને એને માટે હજાર જાતની ચિંતા રાખવી પડે છે એનાં કરતાં જો આપણે સાચું બોલવાનું જ રાખીએ તો કોઈ જાતની ચિતાં રહેતી નથી કે આપણે શું બોલ્યા હતા તે યાદ રાખવું પડતું નથી...

Some people pray just to pray and some people pray to know God.

***-- Andrew Murray***

There is a mighty lot of difference between saying prayers and praying.

***-- John G. Lake***

***મન મકકમ હશે અને પુરૂષાર્થ કરતાં રહેશો તો સફળતા આપોઆપ મળશે.***

## જમીન નવ સાધ્ય અને વિવિધ પાક વૃધ્ધિ પ્રયોગો પર ખેડૂતોની કાર્યશાળા

દરિયાઈ પટ્ટીના વિસ્તારમાં વધતી–જતી ખારાશથી ખેડૂતોની હાલાત દિન પ્રતિદિન કફોડી બનતી જાય છે. ખારાશ અટકાવવા તથા ઉત્પાદનમાં વૃધ્ધિ થાય તેવા પ્રયત્નથી તા.૯/૬/૨૦૧૨ના રોજ વેરાવળ તાલુકાના નવાપરા અને સુત્રાપાડા તાલુકાના ભૂવાટીંબી તથા તા.૧૬–૬–૨૦૧૨ના રોજ જાફરાબાદ તાલુકાનાં બલાણામાં ખેડૂતોની ઓફકેમ્પસ તાલીમ યોજાઈ હતી.

કાર્યક્રમની શરૂઆત શ્રી સુરેશભાઈ ગોહીલે એસએસકેકે તથા કેવીકે વતી ઉપસ્થિત ખેડુત મિત્રોનું સ્વાગત કર્યું તથા કાર્યક્રમ અને યોજના વિશે પ્રાથમિક માહિતી આપી .

અશોકભાઈ શેલારે ખેડુત મિત્રોને વર્ષા વિમા યોજના તથા પાક ધિરાણ યોજના વિશે વિસ્તૃત માહીતી આપી અને બન્ને વચ્ચેના તફાવત સમજાવ્યા હતા તેમજ વર્ષા વિમા પ્રિમિયમ ૫૦ ટકા ખેડુતો અને ૫૦ ટકા નાબાર્ડ દ્વારા ભરપાઈ થશે જેમાં વધુ પડતા વરસાદ કે ઓછા વરસાદથી થતા પાકના નુકસાન સામે ખેડુતને વિમો મળવા પાત્ર બને છે તેમ જણાવ્યુ હતુ. ખેતી પાકના જોખમો સામે ત્વરિત મળતા વળતરની બાબતે શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા અભિયાન ચાલી રહયુ છે જેમાં અમરેલી જીલ્લાના ખાંભા – જાફરાબાદ તેમજ જુનાગઢ જીલ્લાના સુત્રાપાડા – વેરાવળ તાલુકાને આવરી લેવાયેલ છે.

કૃષિવિજ્ઞાન કેન્દ્ર(KVK) કોડીનારથી પધારેલ ડો. રમેશભાઈ રાઠોડે નવાપરા, ભુવાટીંબી ગામમાં માહિતી આપેલ અને અમરેલીથી પધારેલ ડો. એન. એસ. જોષીએ બલાણા ગામમાં માહિતી આપેલ જેમાં પાકમાં આવતા રોગ, વધુ ઉત્પાદન મેળવવાની માહિતી, રોગ કયાંથી આવે છે?, કયારે આવ્યો કહેવાય?, અને કયારે રોગ પ્રતિકારક જતુંનાશક દવાનો છંટકાવ કરવો જોઈએ. તે વિષય પર ખેડૂતોને વિસ્તૃત માહિતી આપી ખેડૂત મિત્રોને મુંજવતા પ્રશ્નોનું આદાન–પ્રદાન કરવામાં આવ્યું.

જમીન નવ સાધ્ય અને વિવિધ પાક વૃધ્ધિ પ્રયોગો ખેડૂતોની કાર્યશાળા મીટીંગમાં બધા ખેડૂત મિત્રોએ સક્રિય રીતે ભાગ લઈને રસપૂર્વક માહિતી મેળવી કાર્યશાળા પૂર્ણ કરી.



*જેમ કાંટાળી ડાળને ફુલો સુંદર બનાવી શકે છે તેમ સુશીલ સ્ત્રી ગરીબ માણસનાં ઘરને સુંદર અને સ્વર્ગસમું બનાવી શકે છે.*

## કપાસ

ભારત દેશ એક કૃષિ પ્રધાન દેશ છે. ભારતની કુલ વસ્તિની ૭૮ ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરે છે. અને મોટા ભાગના લોકો કૃષિ ક્ષેત્ર સાથે સંકળાયેલા જોવા મળે છે. દેશના વિકાસની સાથે સાથે કૃષિનો પણ વિકાસ થયો છે. દેશના કૃષિ વિકાસમાં ગુજરાતના ખેડુતોનો ખુબ જ મોટા પ્રમાણમાં ફાળો અને યોગદાન રહયુ છે. હાલમાં ખેડુતો વધુને વધુ બી.ટી કપાસની ખેતી અપનાવી રહયા છે. કપાસના બિયારણમાં બી.ટી એટલે કે બેસિલસ થુરેન્જીનેસીસ નામના જીવાણું દાખલ કરવામાં આવે છે. જેની અસર ૧૧૦ દિવસ સુધી રહે છે.આવા કપાસના છોડને કોઈપણ પ્રકારની ઈયળ થાય તો તે મૃત્યુ પામે છે. જેનાથી ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થાય છે. અને ઉત્પાદન વધુ મળવાના કારણે ખેડુતો આ જાતને અપનાવી રહયા છે.

### કપાસમાં ખાતરની વિગત(૧ વિઘા દીઠ)

(૧) ૨૦ થી ૩૦ દિવસના છોડમાં યુરીયા ૭ kg પોટાશ ૩ kg મિશ્રણ કરી આપવું. (૨) ૪૦ થી ૫૦ દિવસના કપાસના છોડને યુરીયા ૧૦ kg, NPK ૫ kg મિશ્રણ કરી આપવું. (૩) ૬૫ થી ૮૦ દિવસના કપાસનાં છોડમાં (પાળા બાંધતી વખતે) યુરીયા અથવા મોરસીયું ૭ kg, પોટાશ ૭kg, DAP ૧૬ kg મિશ્રણ કરી આપવું. (૪) ૧૨૦ થી ૧૪૦ દિવસના કપાસમાં જરૂરીયાત હોય તો યુરીયા ૧૦ kg, અને પોટાશ ૫ kg, મિશ્રણ કરી આપવું.

### કપાસમાં દવાની વિગત

૧. પહેલા રાઉન્ડમાં લીમડાના પાંદડાનો રસ સ્પ્રે પંપમાં દોઢ ગ્લાસ નાખી છટકાવ કરવો.

૨. બીજા રાઉન્ડ લીમડા અને સીતાફળીનાં પાંદડાનો રસ સ્પ્રે પંપમાં દોઢ ગ્લાસ નાખી છટકાવ કરવો. **નોધ :** જરૂર પ્રમાણે સમયાંતર વધુ રાઉન્ડ કરવા અને ત્યારબાદ રાસાયણિક જંતુનાશક દવાનો છટકાવ કરવો. લીમડા /સીતાફળીના પાંદડાનો રસ બનાવવાની **રીત :** એક ટાંકીમાં જરૂરિયાત પ્રમાણે પાણી લો.પાણીને ત્યાં સુધી ગરમ કરો કે હુફાળા લે ત્યારે તેમાં લીમડા/સીતાફળના પાંદડા નાખવા અને તે પાણીને ૨૦ થી ૨૫ દિવસ સુધી તે ટાંકીમાં રહેવા દો. જરૂરિયાત મુજબ પાણીમાથી પાંદડાને ગાળીને કાઢી લો.પાણીને દવા તરીકે ઉપયોગમાં લઈ શકાશે. કપાસના છોડને નિંદણ કર્યા બાદ આતરનો ઉપયોગ કરવો. જેથી કરીને ખાતરનો પાવર કપાસનાં છોડને મળી રહે છે. નિંદણ વધારે હોય ત્યારે સારી કંપનીની દવાનો છટકાંવ કરીને નિંદામણનો નાશ કરવો. ખેતમાં વપરાશનાં સમયાંતરે બેલી અને કળીયું મારતા રહેવું તે છોડના વિકાસ માટે જરૂરી છે. કપાસનાં છોડને પ્રથમ ખાતરનાં રાઉન્ડ આપ્યા બાદ કપાસનાં છોડની ફરતી થોડીથોડી પાળી ચડે તે રીતે બેલી હાકવી જેથી છોડની બંધણીમાં આવે છે. અને તેની વૃધ્ધિ થાય છે.


*તમારા મંઝીલના માર્ગમાં જો કોઈ અડચણો આવતી હોય તો રસ્તો બદલી નાખવો સફળતા જરૂર મળશે.*

## પર્યાવરણની જાગૃતિ

આપણે પ્રકૃતિની વાત કરવા જઈએ તો આજે આખું વિશ્વ ગ્લોબલ વોર્મિંગના કાળમાંથી પસાર થઈ રહ્યું છે. કેમ કે આખા વિશ્વ બ્રહ્માંડનું તાપમાન છેલ્લા સો વર્ષમાં જ એક ડિગ્રી સેલ્સિય વધી ગયું ગ્લેશિર્યસ પીગળી રહયા છે. હિમાલય નગ્ન થતો જઈ રહયો છે. દિન–પ્રતિદિન જંગલો કપાઈ રહયા છે. કમો સમી વરસાદ ઋતુંની અનિયમિતતા જેવા ઘણા તત્વોએ પ્રકૃતિ નષ્ટ કરવામાં ભાગ ભજવ્યો છે. તેમ કહી શકાય આવી ઋતુની અનિયમિતતાથી કેટલાયે પ્રકારના રોગોનો ઉદભવ થયો છે. ઋતુચક્રના અસંતુલને એક મહાવિનાશની સમસ્યા આપણા સૌની સામે પ્રસ્તુત કરી દીધી છે.

પ્રકૃતિને ભોગ્યા નહી માતા માનોઃ–પ્રકૃતિએ આપણી માતા છે તેને ભોગ્યા માનીને આપણે એવી સ્થિતિ લાવી દીધી છે કે કોણ જાણે કયારે પ્રાકૃતિક આપતિ આપણા પર વરસવા માડે કાંઈ ખબર નથી. આખા વિશ્વ ની ઋતુમાં અત્યંત ઝડપથી પરિવર્તન આવ્યું છે એનું કરણ આપણે પોતે છીએ મોટી–મોટી ઈમારતો, બહુમાળી મકાન બાધકામની સાથેસાથે શહેરીકરણ ઝડપથી વધે છે. ગામડામાંથી લોકો ખેતી છોડી નગર તરફ વળવા લાગ્યા છે. શહેરો વિકૃતતાથી ફેલાઈ રહ્યા છે. પીવાનું પાણી પણ સ્વચ્છ મળતું નથી બધી નદીઓને આપણે સૌએ જ ગંદી બનાવી છે. ગંદા વસવાટો પણ નગર અને મહાનગરમાં જોવા મળે છે. વીજળી નું મહાન સંકટ પણ પોતાની જગ્યાએ છે. જેના કારણે ઔદ્યોગિકરણ ઝડપી થયું છે. પણ વીજળી વિના કેવી રીતે ચાલી શકશે. તેનાથી તો આપણી પૃથ્વી વધારે ગરમ થશે જીવનશૈલીમાં વિલાસિતાના સાધનોના આડેધડ સમાવેશથી કયારેક એવું લાગે છે કે મધ્યમ વર્ગમાં ઝડપથી અમીરી આવી છે પણ જયારે તેમના જીવનમાં ખાલીપણું, તનાવ, વિક્ષોભ વધતો જતો જોવા મળે છે ત્યારે આ બધુ ખોખલા જેવું લાગે છે. આવી સમૃધ્ધિ શા કામની ? પણ આજનો માનવી તો સમજતો નથી તે માત્ર એટલું જ સમજે છે કે વધુ ધનવાન કઈ રીતે બની શકીશું ? હમેશા આવા જ વિચારો કરે છે.

નિરવનીકરણ અને કચરાની સમસ્યાઃ–આજનો



**જેની પાસે કશું નથી તે ગરીબ નથી, પરંતુ જે વધારે મેળવવાની આશા રાખે જે તે ગરીબ છે.**

માનવી દિન પ્રતિદિન ક્રુર બનતો જાય છે. જે પોતાને જ ઉપયોગી એવા જંગલો નો નાશ કરે છે. જાણે કે પોતાના હાથ–પગ કાપી રહયો હોય તેવી પરિસ્થિથી અહી જોવા મળે છે. જડીબુટીઓ પણ લુપ્ત થઈ રહી છે. પ્લાસ્ટિક પોલીથીન એટલું ઝડપી ફેલાયેલું છે કે તેનું સમાધાન કઈ નજરે પડતું નથી એક જાગૃતિ નો અભાવ દેખાય છે. ઈકોડિગ્રેશનની પ્રકિયા કેવી રીતે અપનાવી કચરો નો સામનો કેવી રીતે કરવો, ઈમારતોની સમૃધ્ધિ સાથે દેખાતી ગંદકીના પહાડ કેવી રીતે દૂર થાય ? આપણા દેશની સૌથી મોટી સમસ્યા વધતી જતી વસતીની સાથે શહેરોની સંકડાશ અને કચરો ભેગો થતો હોવાનું સ્વાભાવિક છે.

કોઈપણ ગામડામાં કે નગરમાં પ્રવેશ કરીએ તો કચરાના મોટા–મોટા ઢગલાં જાણે કે આપણું સ્વાગત કરી રહ્યા હોય તેવું નજરે ચડે છે. તેમાં પ્લાસ્ટિક અને પોલીથીન વધારે જોવા મળે છે. શહેરીકરણ એક અભિશાપની જેમ આવ્યું હોય તેમ લાગે છે.ગામડામાંથી સૌંદર્ય અને કુદરતી વાતાવરણ લુપ્ત થઈ ગયું છે. કૃષિપ્રધાન રાષ્ટ્રની જમીન ધીમે–ધીમે સમાપ્ત થતી જઈ કરી રહી છે. જો આપણે અત્યારે નહી ચેતીએ તો શું થશે ? એ વિચારીને હ્યદય કંપી ઉઠે છે. શું આપણી ભાવી પેઢીને આવી પૃથ્વી આપવાના છીએ એ પ્રશ્નાર્થ આપણા સૌની સામે છે.

આ પ્રશ્નને હલ કરવા માટે સૌએ હળીમળીને પ્રયાસ કરવો અનિવાર્ય બને છે. સૌથી મોટું કામ કોઈ લાભ નથી. આપણે જાતે જાગૃત બનવું પડશે આખા દેશમાં વર્ષાજળના સંરક્ષણનું અને વૃક્ષો એવા વાવવા જે ઉપયોગી બને આપણે વૃક્ષ વાવીને ઈતિશ્રી ન માનીએ તેનું પોતાના બાળકો સમજીને જતન કરવું જરૂરી બને છે.આવી રીતે આપણી પ્રકૃતિને જીવંત રાખવા માટે આપણે સૌએ પ્રયાસ કરવો અનિવાર્ય છે.



**_તમે જગતમાં ભલાઈ ન કરી શકો તો કાંઈ નહિ પણ બુરાઈ તો કદી કરશો નહિ._**

## પરસ્પર મદદ કરવાની ભાવના

ઈંગ્લેન્ડમાં એક માણસ હતો. તે ખુબ અમીર હતો તેને બગીચો હતો તેણે બગીચા માટે એક માળી રાખ્યો હતો. માળી ગરીબ માણસ હતો. શ્રીમંત ને એક દિકરો હતો તે અને માળી નો દિકરો સાથે અભ્યાસ કરતાં હતાં. માળી નો દીકરો ભણવામાં ખુબ હોશિયાર હતો પરતું તેની પાસે પોતાના દીકરાને ભણાવવા માટે પુરતા પૈસા ન હતા આથી તેણે માલીક પાસે પોતાના દીકરાને ભણવવા માટે મદદ માગી માલીકે માળી ના દીકરા ને ભણાવવાની જવાબદારી લીધી. માલીક અને માળી બન્ને ના દીકરા ઓ ભણી ગણી ને બહુ મોટા આદમી બની ગયા. તેવામાં જે માલીક હતો તેનું મૃત્યુ થયુ અને તેનો દીકરો ખુબજ બીમાર પડી ગયો. તેની બચવાની શકયતાઓ ખુબ ઓછી હતી. અને દવાઓની અસર તેના ઈલાજ પર પડતી ન હતી. તેવામાં માળીનો દીકરો વૈજ્ઞાનિક હતો આથી તેણે ઋણ ઉતારવા અને માલીકના દીકરાના ઈલાજ માટે દવાની શોધ કરી અને આ દવાથી તેનો ઈલાજ ચાલુ કર્યો તેમાં તેને સફળતા મળી અને માલીકનો દીકરો એકદમ સાજો થઈ ગયો. આમ આ કથામાં એક બીજા ને મદદ કરવાની ભાવનાનો સંદેશ વ્યકત કરવામાં આવ્યો છે. અને કોઈને પણ કરેલી મદદ કયારેય ફોગટમા જતી નથી તેવું દર્શાવવા માં આવ્યું છે.

### સમજવા જેવુ

ખાવા જેવી કોઈ ચીજ હોય તો તે **ગમ** છે.

પીવા જેવી કોઈ ચીજ હોય તો તે **ક્રોધ** છે.

ગળી જવા જેવી કોઈ ચીજ હોય તો તે **અપમાન** છે.

પચાવવા જેવી કોઈ ચીજ હોય તો તે **બુધ્ધિ** છે

દેખાડવા જેવી કોઈ ચીજ હોય તો તે **દયા** છે.

સંભારવા જેવી કોઈ ચીજ હોય તો તે **ગુણ** છે.

હારવા જેવી કોઈ ચીજ હોય તો તે **અભિમાન** છે.

દેવા જેવી કોઈ ચીજ હોય તો તે **દાન** છે.

માંગવા જેવી કોઈ ચીજ હોય તો તે **સંતોષ** છે.

લેવા જેવી કોઈ ચીજ હોય તો તે **જ્ઞાન** છે.

કરવા જેવી કોઈ ચીજ હોય તો તે **સેવા** છે.

જીતવા જેવી કોઈ ચીજ હોય તો તે **પ્રેમ** છે.

બોલવા જેવી કોઈ ચીજ હોય તો તે **સત્ય** છે.

ન કરવા જેવી કોઈ ચીજ હોય તો તે **ઈર્ષા** છે.

વશ કરવા જેવી કોઈ ચીજ હોય તો તે **મન** છે.

છોડવા જેવી કોઈ ચીજ હોય તો તે **અનિતી** છે.

સાચવવા જેવી કોઈ ચીજ હોય તો તે **ઈજ્જત** છે.

***જો નસીબમાં હોઈ કંકર, તો શું કરે શંકર?***

## જીવન શું છે ?

જીવન એક ખેતર છે. તે જુઠું નહી બોલે. તમે એને જેટલુ આપો તેનાથી સો ગણું કરીને તે પાછું આપે, પણ તમે કશું નહી આપો તો એની પાસેથી તમને કશું નહી મળે. જીવન ખોટું લગાડતું નથી અને ખુશામત પણ કરતું નથી. ચોખ્ખો હીસાબ છે, જેવું આપો તેવું મળે જીવનને તમે શું શું આપ્યું છે? સાચું કહો. જીવન પ્રત્યે તમને અવિશ્વાસ છે. કંજુસાઈ છે, નફરત છે. ઓછામાં ઓછું આપો અને ન છુટકે આપો પછી જીવનમાં સારા પાકની આશા કેમ રખાય ?

તમે ફરીયાદ કરો છો કે તમારું ભાગ્ય ઉઘડયુ નહીં, જીવન ફળ્યું નહી, તમે છેતરાયા છો, ભરમાયા છો, પણ તમારી ફરીયાદ સાચી નથી. ધરતી છેતરતી નથી. જીવન છેતરતું નથી, જીવન જુઠું બોલતું નથી. જીવન તમને ફકત યાદ દેવરાવે છે કે તમે કશું આપ્યું જ નથી. કયાં પ્રેમ કર્યો છે, કયાં સાહસ કર્યુ છે, કયાં ભોગ આપ્યો છે, કયાં શ્રધ્ધા રાખી છે ? તમે ઝંપલાવ્યુ નથી, જીવન હોડમાં મુકયું નથી. પછી બદલામાં શું મળે? તમે તમારી નિરાશા બતાવો એમાં તમે તમારા જીવનનો ગુનો કબુલ કરો છો અને જાહેર કરો છો. કારણ કે તમે જીવનમાં ખરેખર સાચી મુડી રોકી હોત તો એનું મબલક વ્યાજ તો તમને મળી ચુકયું હોત. જીવન જુઠું બોલતું નથી.

## સ્વ મુલ્યાંકન

એક છોકરો ટેલીફોન બુથથી ફોન કરે છે દુકાન માલિક તેની વાતોને ધ્યાનથી સાંભળે છે. છોકરોઃ મે લીધેલી લોનના હપ્તા ભરવાના બાકી છે તેથી પૈસાની ખુબ જરૂર છે. શું તમે તમારા બગીચામાં ઘાસ કાપવાની નોકરી પર રાખશો ? મહીલા (જે ફોનના બીજા છેડે છે) મારી પાસે પહેલાથી જ ઘાસ કાપવા માટે કોઈ છોકરો છે. છોકરોઃ પરતું તમારા હાલના કારીગર કરતા હું તમને આ કામ અડધી રકમમાં કરી આપીશ. મહીલાઃ ભલે પરંતુ હું મારા હાલના કારીગરના કામથી પરેપુરી સંતુષ્ટ છુ. છોકરોઃ સાથે સાથે હું તમારા ઘરની સાફ સફાઈ કરી આપીશ અને તે પણ બિલકુલ મફતમાં. મહીલાઃ ના, આભાર. ત્યાર પછી છોકરો મોઢા પર સ્મિત સાથે ફોન મુકી દે છે. દુકાનનો માલિક જે અત્યાર સુધી આ સંવાદ સંભાળતો હોય છે, તે છોકરાને તેની પાસે બોલાવે છે. દુકાનદારઃ મને તારો સ્વભાવ, હકારાત્મક વલણ ખુબ ગમ્યા જો તને નોકરીની ઓફર કરું તો શું તું મારે ત્યાં કામ કરવા માટે રાજી થઈશ. છોકરોઃ ના, આભાર. દુકાનદારઃ પરંતુ તારે નોકરીની ખુબ જરૂર છે, અને તું નોકરી શોધી પણ રહયો છે, છોકરો નહી શ્રીમાન, હાલમાં હું નોકરી કરી જ રહયો છુ, આતો માત્ર હું મારી કામગીરીનું મુલ્યાંકન કરી રહયો હતો, હું એ જ કારીગર છું જેમના વિષે પેલા મહિલા વાત કરી રહ્યા હતા.

**સ્ત્રીની આંખોમાં કાનુન કરતાં પણ વધારે શકિત હોય છે. તેના આંસુ કોઈ પણ તર્ક કરતાં વધારે પ્રભાવશાળી હોય છે.**

**Engage on this month**

Training for farmers on various crops grown in coastal areas of Sutrapada (Bhuvatimbi), Veraval (Navapara) Block at 9 th June and Jafrabad (Balana) at 16th June 12 organise by CSPC under-taken by SSKK and collaboration with KVK, Kodinar/Amreli after soil and water testing.

Our three members write case study of NGO accreditation, wheat demonstration and making of a farmers' company whith is published at 16th June12.

18-21 attend training on producer organisation at BIRD.

24-26 attend national level meeting of Ekalnari Shakti Manch.

Attend the book release function on 25th at sajjata sangh.

Ongoing skill development training - Pipalva (Aribharat & Beauty parler), Prasali (Aribharat & Beauty parler), Alidar (Beauty parler, Aribharat) Ghantvad (Beauty parler)

**પ્રિય વાચક મિત્રો,**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફ્ટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

*— ટપક ટીમ*

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMR-91/RNP/2012**
**Valid Upto 31/12/2014**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**સાવધાન! આળસ તમને છેતરી ન જાય! તમે તેને માત્ર 'આજ' આપો છો, પણ તે તમારી 'કાલ' પણ ચોરી જાય છે.**